**.વાદીઓની આંક – ૫ ની સી.પી.સી. ના ઓર્ડર ૩૯ રૂલ (૧)(૨) તથા કલમ–૧૫૧ અન્વયે વચગાળાનો મનાઈ હુકમ મેળવવાની અરજી નીચે હુકમ**

(૧) વાદીઓએ હાલની અરજી કરી મહત્વની હકીકત જણાવેલ છે કે, રજી. ડીસ્ટ્રી. છોટાઉદેપુર, સબ ડીસ્ટ્રી. છોટાઉદેપુર, તાલુકા છોટાઉદેપુર ના કસ્બામાં તળાવની સામે આવેલ મકાન જેનો સીટી સ.નં. ૧૧૮૦ જેનુ માપ ૫૨–૯૨ ચો.મી. તથા સીટી સ.નં. ૧૧૮૪ જેનુ માપ ૩૦.૮૪ ચો.મી. આવેલ છે જે મકાન તેમા આવેલ ઈમલા સાથે તેના મુળ માલીક મહંમદશા ઘીસુશા નાઓ પાસેથી વાદીઓ તથા પ્રતિવાદીઓના નામે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૯૭૦ થી તા.૧૦/૩/૧૯૭૫ ના રોજ વેચાણ રાખેલ છે, તેવી જ રીતે કસ્બાની સામે આવેલ મકાન જે કાચુ રોપણીચા તથા થાંભલાનું આવેલ છે તથા જેનો મ્યુનિસિપલ નં.૧૧૮૧ જેનુ માપ ૫૦–૪૦ ચો.મી. તથા સીટી સ.ન. ૧૧૮૩ જેનુ માપ ૩૩.૬૦ ચો. મીટર આવેલ છે તે મકાન અને જમીન તેના મુળ માલીક સરદારશા દોલબરશા નાઓ પાસેથી વાદીઓ તથા પ્રતિવાદીઓએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૯૧ થી તા.૧/૧/૧૯૭૩ ના રોજ વેચાણ રાખેલ છે, ત્યારથી તેઓ વાદીઓ તથા પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતના સંયુકત માલીક અને કબજેદાર થયેલા છે. તેમજ કસ્બાના તળાવની સામે આવેલ મિલકત જેના સીટી સ.નં. ૧૧૮૨ છે જેનુ કુલ માપ ૨૧૪.૧૨ ચો.મી. છે જે મિલકત વાદીઓ તથા પ્રતિવાદીઓના પિતા અબ્દુલરહીમ મહંમદશેખ નાઓની માલીકીની આવેલ હતી અને તેમના અવસાન બાદ સદર મિલકતમાં વારસાઈ અન્વયે વાદીઓ અને પ્રતિવાદીઓ ને મળેલ છે. સીટી સર્વે નં. ૧૧૮૦, ૧૧૮૧ , ૧૧૮૨, ૧૧૮૩ તથા ૧૧૮૪ વાળી મિલકતો વાદીઓ તથા પ્રતિવાદીઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની આવેલ છે જે મિલકતમાં એક દુકાન, એક મકાન આવેલ અને બાકીની ખુલ્લી જગ્યાનો ધંધાના વપરાશ માટે અને ઘેટા, બકરા અને મરઘા રાખવા માટે ઉપયોગ કરવામાં આવે છે. આમ, વાદીઓની પ્રસ્તુત અરજી મંજુર કરી દાવાવાળી મિલકત, દુકાનમાં આ કામના પ્રતિવાદીઓ વાદીઓ ને પ્રવેશતા, ધંધો કરતા, અવર જવર કરતા, રોકે રોકાવે નહી, તેમજ પ્રતિવાદીઓ કે તેમના મળતીયા, નોકર, ચાકર, એજન્ટ, એટર્ની, એસાઈની વિ. દાવાવાળી મિલકત નો વાદીઓનો કાયદેસરનો માલીકી હકક હિસ્સો અન્ય કોઈપણ વ્યકિત કે સંસ્થાને સુપ્રત કરે કરાવે નહી કે દાવાવાળી મિલકતમાં કોઈપણ જાતની કાયમી કે હંગામી તોડફોડ કે બાંધકામ કરે કરાવે નહી તેવી દાવો ચાલતા દરમિયાન વચગાળાની તાકીદ પ્રતિવાદીઓને આપવા, આ સિવાય નામ. કોર્ટને યોગ્ય લાગે તેવી ન્યાયની હરકોઈ દાદ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) વાદીની આંક–૫ ની અરજી લગત કોર્ટ ઘ્વારા આ કામના પ્રતિવાદીઓને કારણદર્શક નોટીશ કાઢવામા આવેલી જે નોટીશ પ્રતિવાદીઓને ધારા ધોરણસર બજતા પ્રતિવાદીઓ તેમના

વિ.વ.શ્રી એમ.એમ.મકરાણી મારફત હાજર થઈ વાદીઓની દાવા અરજનો લેખીત જવાબ આંક–૧૨ થી રજુ કરેલ છે જેમાં પ્રતિવાદીઓએ વાદીઓના દાવા અરજમાં જણાવેલ હકીકતો ખરી નથી અને તેઓને કબુલ મંજુર નથી તેમજ પ્રતિવાદીઓ ધ્વારા ખરી હકીકતે જણાવવામાં આવેલ છે કે, વાદીઓ તથા પ્રતિવાદીઓની દાવાવાળી મિલકતો સીવાય અન્ય મીલકતો રજી. ડીસ્ટ્રી. વડોદરા, સબ ડીસ્ટ્રીક વડોદરા, ના વાડી વિભાગમાં મુગલવાડામાં ગુલમીરશાહ મસ્જીદ સામે ખાટકીવાડામાં આવેલ સ્થાવર મિલકત જેનો સીટી સ.નં. ૧૪૫ ટીકા નં. (સીટ નં.) એ–૧૪/૬ કાર્ડ નં. ૯૪૫૩ ક્ષેત્રફળ ચો.મી. ૮૪.૫૪૨ પૈકી અડધા ભાગ ચો.મી. ૪૨–૨૭૧૦ જેનો મ્યુનિ. સેન્સસ નં. જુનો ૧૮/૨૯૧ તથા નવો નં. એ–૧૦/૩૦૩ વાળી આવેલી છે તથા રજી. ડીસ્ટ્રીક વડોદરા, સબ ડીસ્ટ્રીક વડોદરા માં મટન માર્કેટ સામે આવેલ સીટી સ.નં. ૫૭ સીટ નં. એ–૧૪/૫ કાર્ડ નં.૯૨૯૪ વાળી આવેલી છે તેમજ વાદીઓની સ્વતંત્ર મિલકતો પણ આવેલી છે. પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદીઓ વિરુધ્ધ વડોદરાના કલેકટરશ્રી રૂબરૂ તેઓની મિલકતો પૈકી મોજે વડોદરા પાણીગેટ દરવાજા બહાર ગંજખાના દરવાજા પાસે ગબલહુસેન વલ્દે તાલવહુસેનના તકીયા તરીકે ઓળખાતી સ્થાવર મિલકત જેનો એન્ટ્રી નં. ૨૯/૨ સ.નં. ૩૩–અ પૈકી પ્લોટ નં. ૩૩(અ) વાળી આવેલ છે. જે મિલકત પચાવી પાડવા કાવતરા કરતા હોય અરજી આપેલ જેના કાઉન્ટર બ્લાસ્ટમાં હાલનો દાવો કરેલો છે, તેમજ ઉપરોકત મિલકત માં સદરહું કામના વાદીઓએ ગે.કા. કબજો કરેલો હોય અને અન્ય ઈસમને તેઓના હિસ્સાની મિલકત ભાડે આપેલ હોય જે ભાડાભાગ વાળી મિલકત અંગે તેઓએ વાદીઓને વકીલ મારફત લીગલ નોટીસ પણ આપેલ જે તમામ હકીકતો વાદીઓની જાણમા હોવા છતાં સદર કામના વાદીઓએ તેઓની મિલકતોનો કબજો આપવો ન પડે તેમજ ભાડુ આપવુ ન પડે તે કારણસર હાલનો ખોટો દાવો તેઓની વિરુધ્ધ લાવેલ છે. સ.નં. ૧૪૫ તથા સ.નં. ૫૭ વાળી મિલકતો ઉપર વાદીઓએ ગે.કા. રીતે કબજો કરી લીધેલો છે અને તેઓના હિસ્સાની મિલકતના ભાગ આપતા નથી કે તે અંગેના ભાડા કે અન્ય પ્રકારના લાભ આપતા નથી અને આ મિલકત પચાવી પાડવા તથા તેઓના કાયદેસરનો હિસ્સો નહી આપવા તે કારણે સત્ય હકીકતો છુપાવીને હાલનો દાવો તથા મનાઈ અરજ લાવેલા છે અને નામ. કોર્ટ સમક્ષ ચોખા હાથે આવેલ નથી, વાદીઓનો દાવાવાળી જમીન ઉપર કોઈ હકક હિસ્સો સમાયેલો નથી. લાંબા સમયથી તેઓના કબજા ભોગવટામાં રહે છે અને તેનો વાપર ઉપભોગ કરે છે અને વેરો પણ તેઓ જ ભરે છે તેઓના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલી છે. જવાબમાં સુધારો વધારો કરવાનો હકક કાયમ રાખવા તથા પ્રતિવાદીઓનો જવાબ ગ્રાહય રાખી વાદીઓનો દાવો તથા મનાઈ અરજ ખર્ચ સદ રદ કરવા હુકમ કરેલ છે.

(૩) પ્રતિવાદીઓએ આપેલ દાવા અરજના જવાબનો વાદી તરફે કાઉન્ટર એફીડેવીટ આંક–૧૪ થી રજુ કરી મહત્વની હકીકતે જણાવેલ છે કે પ્રતિવાદીઓ એ તેમના લેખીત જવાબમાં જણાવેલ હકીકતોને નકારી કાઢેલ છે અને પ્રતિવાદીઓના દાવાના અરજના લેખીત જવાબ સબબ તેઓ નું આ કાઉન્ટ એફીડેવીટ છે અને તેમાં જણાવેલ તમામ હકીકતો સાચી છે અને તેના ખરાપણા બાદ તેઓ એ સોગંદનામું કરેલ છે.

(૪) આ કામે વાદીઓ તથા પ્રતિવાદીઓ ઘ્વારા પોતાની ઉપરોકત રજુઆતનાં સમર્થનમાં નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**–: વાદીઓ તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ :–**

| **અનુ. નં.** | **વિગત** | **માર્ક** |
|---|---|---|
| ૧. | સીટી સ.નં. ૧૧૮૦ ની દાવાવાળી મિલકતના પ્રોપર્ટી કાર્ડની નકલ | ૪/૧ |
| ૨. | સીટી સ.નં. ૧૧૮૧ ની દાવાવાળી મિલકતના પ્રોપર્ટી કાર્ડની નકલ | ૪/૨ |
| ૩. | સીટી સ.નં. ૧૧૮૨ ની દાવાવાળી મિલકતના પ્રોપર્ટી કાર્ડની નકલ | ૪/૩ |
| ૪. | સીટી સ.નં. ૧૧૮૩ ની દાવાવાળી મિલકતના પ્રોપર્ટી કાર્ડની નકલ | ૪/૪ |
| ૫. | સીટી સ.નં. ૧૧૮૪ ની દાવાવાળી મિલકતના પ્રોપર્ટી કાર્ડની નકલ | ૪/૫ |
| ૬. | રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૯૧ ની નકલ | ૪/૬ |
| ૭. | રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૯૭૦ ની નકલ | ૪/૭ |
| ૮. | મનાઈ હુકમની અરજી લગત લેખિત દલીલો | આંક–૧૫ |
| ૯. | સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ (ખ) મુજબ અરજીનો જવાબ | આંક–૧૭ |

**–: પ્રતિવાદીઓ તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ :–**

| **અનુ. નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | વાદીના દાવાનો લેખિત જવાબ | ૧૨ |
| ૨. | કાઉન્ટર એફીડેવીટ | ૧૪ |
| ૩. | સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ (ખ) મુજબ અરજ | ૧૬ |

(૫) આ કામે વાદીઓ અને પ્રતિવાદીઓ તરફે મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) વાદીઓની દાવા અરજી, પ્રતિવાદીઓના જવાબ તથા વાદીઓ તથા પ્રતિવાદીઓ તરફે રજુ થયેલા દસ્તાવેજો તથા દલીલોનાં આધારે અરજીના નિર્ણય અર્થે અત્રેની કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે.

**–– :: મુદ્દાઓ ::––**

(૧) શું વાદી પ્રથમ દર્શનિય કેસ પુરવાર કરે છે?

(૨) શું સગવડતા અગવડતાનો મુદો વાદીની તરફેણમાં છે?

(૩) શું માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવાથી વાદીને નાણાંથી ભરપાઈ ના થઈ શકે, તેવું નુકશાન થાય તેમ છે?

(૪) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) **હકારમાં.**

(૨) **નકારમાં.**

(૩) **નકારમાં.**

(૪) આખરી હુકમ મુજબ.

(૭.૧) ઉપરોકત નિર્ણયોના મારા જવાબો નીચે મુજબ છે:

<u>:::– કા ર ણો – :::</u>

(૮) મુદ્દા નંબર–૧ થી ૩ અંગે – આ કામે મુદ્દા નંબર–૧ થી ૩ હકીકતની દ્રષ્ટિએ તથા કાયદાની દ્રષ્ટિએ પરસ્પર એકબીજા સાથ સકંળાયેલ હોવાથી હકીકતોનો પુનરાવર્તન ટાળવા તમામ મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવે છે.

(૯) એ સર્વમાન્ય સિધ્ધાંત છે કે, કામચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે, અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રૂબરૂ ચોખ્ખા હાથે આવવુ જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ વાદીઓએ રેકર્ડ પરથી સિધ્ધ કરવાનુ રહે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે. પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સિધ્ધ કરવાથી વાદી આપો આપ કામચલાઉ મનાઈહુકમ મેળવવા પાત્ર ઠરતા નથી પરંતુ વાદીઓએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સિધ્ધ કરવાની રહે છે કે સગવડતાની તુલા વાદીઓની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામાપક્ષ કરતા વાદીઓને વધુ આર્થિક નુકસાન જાય તેમ છે અને તે નુકસાન નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન છે. આ ઉપરાંત કોર્ટે પક્ષકારોની વર્તણુક તથા ડીલે અને લેચીસની હકિકતો પણ ધ્યાને લેવાની રહે છે.

(૧૦) વધુમાં કોર્ટે કામ ચલાઉ મનાઈ હુકમની અરજી નકકી કરતી વખતે એ હકિકતત પણ ધ્યાને લેવાની રહે છે કે, કામ ચલાઉ મનાઈ હુકમની દાદનો મુખ્ય ઉદેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો છે. એટલે કામ ચલાઉ મનાઈ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ, દાવાની આખરી દાદના સ્વરૂપની ન હોવી જોઈએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય, અથવા ન પણ આપી શકાય. જયારે, પક્ષકારો પોત–પોતાના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપિત કર્યા ના હોય તેવા

વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઈ જતો હોય તેવી દાદ પણ આપી શકાય નહી. તેમજ મનાઈ હુકમની અરજી નકિક કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે પ્રતિવાદીઓને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબ જ ગંભીર બાબત છે અને મનાઈ હુકમનો કોઈ નિર્ણય કરતા પહેલા, અન્ય પક્ષકારોને થનાર નુકસાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આ તમામ સંજોગોને ધ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધિન સતાનો ઉપયોગ ન્યાયિક રીતે કરવાનો છે. વધુમાં, મનાઈ હુકમ એ કોઈ ધ્વારા કરવામાં આવતા કોઈ ચોકકસ કૃત્યને અટકાવવાનો હુકમ છે. વળી મનાઈ હુકમ એ સમન્યાયીક દાદ છે. અગાઉ જણાવ્યા પ્રમાણે મનાઈ હુકમ એ સમન્યાયી દાદ છે. વળી મનાઈ હુકમ માંગનાર વ્યકિત એ અદાલતને સંતોષ થાય તે રીતે બતાવવું પડે (૧) દાવામાં મહત્વના અને ગંભીર પ્રશ્નની ઈન્સાફી કાર્યવાહી થાય અને હકીકતોનો નિર્ણય થાય તેવી સંભાવના છે અને વાદી અને પક્ષકાર તેમાં સફળ થાય તેવી પુરી શકયતા છે. (૨) મનાઈ હુકમ માંગનાર વ્યકિતનાં હકકોનાં રક્ષણ માટે કોર્ટનો હસ્તક્ષેપ કરવો જરૂરી છે. જેથી પોતાના હકકો પ્રસ્થાપિત કરવામાં સફળ થાય. (૩) જો મનાઈ હુકમ માંગનાર વ્યકિત ને કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો, તે વ્યકિતને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ અસહય નુકસાન થવાની સંભાવના છે. વધુમાં કામચલાઉ મનાઈ હુકમની માંગણી મંજુર કરવી કે તેનો ઈન્કાર કરવો તે કોર્ટની વિવેકબુધ્ધિ ઉપર આધાર રાખે છે અને જે-તે કિસ્સાના સંજોગો અને હકીકત તથા મનાઈ હુકમથી થતી અનુકુળ અને પ્રતિકુળ અસરો ધ્યાને લઈ કોર્ટે પોતાની વિવેક બુધ્ધિ અનુસાર મનાઈ હુકમની અરજી ઉપર હુકમ કરવાનો રહે છે, અને તે ઉપરાંત કામચલાઉ મનાઈ હુકમ મેળવવા વાદીઓએ પોતાનો પ્રથમદર્શનિય કેસ તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ ઉપરાંત અને પોતાને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થાય તેમ છે તેવુ પણ બતાવવુ જરૂરી છે.

દાવાનું સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં તેમજ બંને પક્ષકારોની રજુઆત ધ્યાને લેતાં,

૧) આ કામે દાવા અરજીની હકીકત ધ્યાને લેતા આ કામના વાદીઓ તેમજ પ્રતિવાદી નં.૨ વડોદરા મુકામે અને પ્રતિવાદી નં.૧ છોટાઉદેપુર મુકામે રહે છે.

૨) આ કામે દાવા અરજીની હકીકત ધ્યાને લેતા, વાદીઓ તેની દાવા અરજીમાં જણાવે છે કે તેઓ સને ૧૯૮૦ ની સાલમાં ધંધાના વિકાસ માટે વડોદરા મુકામે આવેલા અને ત્યાં જ સ્થાયી થયેલા. આમ, વાદીઓની દાવા અરજી ધ્યાને લેતાં તેઓ વડોદરા મુકામે રહીને ધંધો કરતા હોવાની હકીકત સ્પષ્ટપણે જણાય છે.

૩) આ કામે પ્રતિવાદીઓનો આંક-૧૬ થી દાવા જવાબ ધ્યાને લેતાં તેઓ તેવી હકીકત જણાવે છે કે, દાવાવાળી મિલકત લાંબા સમયથી તેઓના કબજા ભોગવટમા છે અને વેરા પણ તેઓજ ભરે છે.

૪) આ કામે વાદીના કથન મુજબ દાવાવાળી મિલકતમાં વાદીઓ તેમજ પ્રતિવાદીઓનો સંયુકત હિસ્સો સમાયેલો હોય તેવી હકીકત જણાવેલ છે તેમજ આ કામે વાદીઓ દવારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં, દાવાવાળી મિલકત પ્રથમદર્શનીય વારસાઈ મિલકત હોવાનું જણાઈ આવે છે જેથી વાદીઓનો પ્રથમદર્શનીય કેસ હોવાનું માનવામાં આવે છે પરંતુ વાદીઓએ હાલની મનાઈ અરજીમાં જે દાદ માંગી છે તે દાદ મંજુર કરવામાં આવે તો પ્રતિવાદી નં.૧ ને વધુ અગવડતા પડે તેમ છે. કારણ કે દાવાવાળી મિલકતમાં હાલ પ્રતિવાદી નં.૧ નો કબજો હોવાનું જણાય છે. જેથી સગવડતા અગવડતાની સમતુલા વાદીઓની તરફેણમાં રહેલી નથી તેમજ વાદીઓએ મનાઈ અરજીમાં જણાવેલ છે તે દાદ જો મંજુર કરવામાં ન આવે તો વાદીઓને નાણામા ન આંકી શકાય તેવુ કોઈ નુકશાન થવાની સંભવિતતા જણાતી નથી જેથી સદર પરીબળ પણ વાદીઓની તરફેણમાં નથી. આમ, સગવડતા અગવડતાની સમતુલા અને વાદીઓને નાણામા ન આંકી શકાય તેવુ નુકશાન થવાની કોઈ શકયતા જણાતી ન હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૧.** વાદીની આંક–૫ ની અરજી **ના મંજુર** કરવામા આવે છે.

**૨.** અરજીના ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજરોજ તારીખ ૦૭ મી, માહે.જાન્યુઆરી, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવે છે.

તા.૦૭/૦૧/૨૦૨૬
છોટાઉદેપુર

**(અમિષ પ્રફુલચંદ્ર જોષી)**
અધિક સિવિલ જજ
છોટાઉદેપુર
કોડ નંબર–જી.જે.૦૧૪૪૬